
June - July - 2019

# "Aksharankan"



BHULKA VIHAR SCHOOL

તંત્રી : આચાર્યા મીતાબેન વકીલ

## EDITORIAL NOTE


નમસ્કાર!

માહિતી અને મનોરંજનનો રસથાળ લઈને ફરી આપની વચ્ચે આવવાનું સૌભાગ્ય સાંપડયું છે. આજે વિશેષ આનંદ એ વાતનો છે, કે આપણી શાળા ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬માં વર્ષમાં પ્રવેશી છે. આ ૨૫ વર્ષમાં આપણી શાળા શિક્ષણ ક્ષેત્રે સમાજમાં આદરણીય સ્થાન પામી છે. એનો સુખદ સંતોષ છે. શાળાએ આવું ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કર્યું, એમાં આપ સૌનો સહકાર પણ અમૂલ્ય છે. આવો, સાથે મળી વિકાસનાં પથ પર પ્રયાણ કરતા રહીએ.

## JUNE - JULY MEMOIRS


### સામાજીક જાગૃતિની લહેર

### "SAY NO TO MOBILE MISSION"
### 8 JULY 2019 TO 13 JULY 2019




મોબાઈલનાં અતિશયોકિતભર્યા ઉપયોગથી પીડાતા સમાજ અને શિક્ષણની દશા સુધારવાનાં શુભ - આશયથી આપણી શાળાએ "Say No to Mobile" નામનું અભિયાન હાથ ધર્યું. જેમાં ૯૪૫ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર સ્વેચ્છાએ જોડાયા. ૮ થી ૧૩ જુલાઈ, આ એક સપ્તાહ સુધી વિદ્યાર્થીઓએ મજબૂત મનોબળ કેળવી આ અભિયાનને સફળ બનાવ્યું અને એની ફલશ્રુતિ તો જુઓ - મોબાઈલનાં વિકલ્પમાં કોઇએ હાથમાં પુસ્તક લીધું, તો કોઈએ પેઈન્ટ બ્રશ. કોઈ સાઈકલ લઈ લટાર મારવા ગયું, તો કોઈ બેટ બોલ કે ફૂટબોલ લઈને નીકળી પડયું. હોમવર્ક સમયસર પૂરું થતું થયું અને Extra Readingનો સમય મળ્યો. પરિવારનાં સભ્યો સાથે વાત કરવાનો સમય વધ્યો. આ પરિવર્તનોને વાલીઓએ પણ એટલાં વખાણ્યાં કે શાળા પર વાલીઓનાં અભિનંદન / આભાર વરસ્યા.

## ભૂલકાં વિહારનું અનન્ય ગૌરવ



આપણી શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની આયુષી દેસાઈ એ Indian Navyમાં સ્થાન પ્રાપ્ત કરી અદ્વિતીય સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આપણી શાળામાંથી શિસ્તનાં પાઠ શીખતાં શીખતાં Science streamમાંથી પાસ થઈ ગાંધી ઍન્જિનિયરીંગ કૉલેજમાંથી સિવિલ ઍન્જિનિયરની ડિગ્રી પ્રાપ્ત કરી. Navyમાં સ્થાન મેળવવાનાં પોતાના સ્વપ્નાંને સાકાર કર્યું છે. આયુષી દેસાઈ જયારે વિદ્યાર્થીઓને સંબોધવા શાળામાં આવ્યા ત્યારે તેમણે શાળામાંથી શીખેલા Self disciplineનાં પાઠોને આ સિદ્ધિનાં કારણ બતાવ્યા હતા. શાળાનાં આચાર્યા ડૉ. મીતાબેને આ સિદ્ધિ બદલ આયુષીને હૃદયપૂર્વક અભિનંદન આપી શુભકામના પાઠવી હતી.

## તુમ જીયો હજારો સાલ ભૂલકાં વિહાર...



તા. 23 જૂન 2019નાં રોજ ભૂલકાં વિહારશાળાએ પોતાનો ભવ્ય સ્થાપનાદિન ઉજવ્યો. 25 વર્ષ પૂર્ણ કરી 26 માં વર્ષમાં પ્રવેશના આનંદનું તો પૂછવું જ શું? રંગબેરંગી પતંગિયા જેવા વિદ્યાર્થીઓ સ્થાપના દિનને ઉજવવા કોઈ સંગીતનાં સૂર લઈને આવ્યું, તો કોઈ શબ્દોનાં સાથિયા. કોઈએ નાટક દ્વારા પોતાના પ્રેમને અભિવ્યકત કર્યો, તો કોઈએ રૅપસોંગ વડે. હજુ આનંદ ન સમાયો તો નૃત્યમાં છલકાયો. શાળાનાં માતૃવત્સલા આચાર્યા ડૉ. મીતાબેનની શુભેચ્છાએ બધાનાં હૃદયને જીતી લીધા. શાળા પ્રેમી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ટોળાંથી ઉત્સવ વધુ ભવ્ય બની રહ્યો.

## માણીએ તાપી પ્રવાસ

તાપી નદી મધ્ય ભારતની એક મહત્ત્વની નદી છે. તેની લંબાઈ ૭૨૪ કિ.મી છે. તાપી નદી દક્ષિણ મધ્ય પ્રદેશના સાતપુડા પર્વતોની પૂર્વની હારમાળાઓમાંથી ઉદ્‌ભવે છે અને દક્ષિણ ગુજરાતમાં થઇને અરબી સમુદ્રના ખંભાતના અખાતને મળે છે. અનેક પુરાણોમાં જેનો ઉલ્લેખ મળે છે. તે તાપી નદીને કિનારે દક્ષિણ ગુજરાતમાં આવેલા કેટલાંક પિકનિક સ્પોટની માહિતી...

| | |
|---|---|
| ઉકાઈ - | ઉકાઈ ડેમ |
| કાકરાપાર - | કાકરાપાર ડેમ |
| વરેઠ - | રામેશ્વર મહાદેવ મંદિર |
| માંડવી - | તાપી ગાર્ડન |
| વાઘેચા - | વાઘેશ્વર મહાદેવ મંદિર |
| ટીંબા - | ગલતેશ્વર મહાદેવ મંદિર |
| ધોરણપારડી - | ગાયપગલાં મંદિર |
| સુરત અશ્વનીકુમાર - | ત્રણ પાન વડ |
| હજીરા - | હજીરા બ્રીજ |

## National dance stage પર ભૂલકાં વિહારની સુવર્ણ સિદ્ધિ

All India dance sport federation દ્વારા આયોજિત $10^{th}$ National dance sport championship નું આયોજન નાસિક- મીનાતાઈ ઠાકરે સ્ટેડિયમ ખાતે $13^{th}$–$14^{th}$ July - 2019નાં રોજ થયું હતું.

જેમાં આપણી શાળાનાં western dance શીખતા વિદ્યાર્થીઓએ જુદી જુદી Dance styleમાં ગોલ્ડ તેમજ સિલ્વર મૅડલ મેળવી રાષ્ટ્રકક્ષાએ ભૂલકાં વિહારનું નામ ગૂંજતું કર્યું.

| | | | |
|---|---|---|---|
| વિધિ પટેલ | 4-B | કયાન ઉપાધ્યાય | 6-A |
| અનન્યા પટેલ | 5-A | વંદન ગાંધી | 9-A |
| કબીર પંડયા | 10-B | પ્રાપ્તિ શ્રોફ | 11-A |

## THINK OUT OF THE BOX


Dear Children, let's explore the world outside the box. Many things come across us, but very few can think differently. If you are a genius try out the following. One is done for you. Write your answers and put it in the box put on ground floor near floor-manager's desk. Here are the magic boxes.

(1)




READING BETWEEN THE LINES


(2)




(3)




(4)



## TEACHERS' & PARENTS' CORNER

**Thoughts**

I recalled a memory not quite old
Pure like an angel, precious like gold
The sea was deep, wide and blue
It spreads in us millions of hue
I spent hours in shore, staring at this shine
When the hours shaded sea, in colour of wine
The sun was without doubt the prettiest of moles,
Often it illuminates the darkest of souls.
Soon tears rolled from my sea-deep eyes
For those have turned memories, faded in ice
The sea had turned old wrinkled and gray
Choked in soot, polluted in mounts
The water was tickling and flowing through my toes
But it had the smell of burnt, choked dreams.

**PENNED BY : SINY MURLI (TEACHER)**

### બે ક્ષણ મારા માટે જીવું તો કેવું?

ના મિત્રો ને બતાવવા
ના દુનિયા ને જતાવવા
હું બે ક્ષણ મારા માટે જીવું તો કેવું?
રોજની આંટી ઘૂંટીઓમાં જકડાતો,
હું ઘડીક જીવંત થઈને જીવું તો કેવું?
શૈશવના એ કિલ્લોલ ને,
ફરી નાનો થઈ જીવું તો કેવું?
એક ઉનાળાની સાંજે,
ફરી નહેરમાં ન્હાવા પડું તો કેવું?
એક શિયાળાની રાતે,
મિત્રો સંગ ફરી તાપણું કરવા બેસું તો કેવું?
જીવનની આ આંખમિચોલીમાં ખોવાઈ ગયેલા ધબકારાને,
ફરી શોધીને થપ્પો કરું તો કેવું?

**ભૂતપૂર્વ વિદ્યાર્થિની – ડો. શિવાની દવે**

## STUDENTS' CORNER

## MY THOUGHTS IN MY MAGAZINEZZ

### THE MOON & ME...

Ohh you moon!
When I stare at you
My trembled dreams rise up.
It just seems you jostle me to dream.
In my solitude,
Your captivating light
Strengthens me to
Shine upon the darkness.
Showing path in my loneliness.
But then suddenly I realize,
Someday- some night I will
Fade away too.
But then again
Will rise too.
Just like that,
I Stare at you and
Rise again in the blues....

**Heli Dave 9-A**

### Strong & Weak; Hopeful & Hopeless

At any disappointment in life,
of the people think, "I'll make it the next time!"While the other half gives up in the first go. Being strong does not merely mean not letting things affect you, but to have hope and dare to achieve it the next time. Apparently, the weak at mind are hopeless : not only about themselves but also their future. It's not just about success or failure: it's about happiness and satisfaction, sorrow and grief. So critical moments of life, be strong, be hopeful and do your best, because God too favours the brave. And you'll achieve it: not success, but happiness.....

All that is gold does not glitter,
Not all those who wander are lost;
The old that is strong does not wither,
Deep roots are not reached by the frost.
From the ashes fire shall be waken,
A light from the shadows shall spring;
Renewed shall be blade that was broken,
The crownless again shall be king.

**Mansi Panchal 9-A**

**બાળ મિત્રો, તમને વિચારતા અને વાંચતા કરવા અમે અમારા પટારામાંથી નીચેની બાબતો લાવ્યા છીએ. તો આ બાબતો પર આપનું ધ્યાન ગયું?**

- બાળ મિત્રો, આ મહિને આપ સૌના માટે Disney Production House લાવ્યું છે નવી ફિલ્મ 'The Lion King'. હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં તેમજ 2D અને 3D માં પણ આ ફિલ્મ માણી શકશો.
- Disney તેના થિમપાર્ક માટે પણ જાણીતું છે. પણ શું તમે જાણો છો કે Disney આખા વિશ્વમાં વિસ્ફોટકો ખરીદવામાં બીજા નંબરે આવે છે. કેમ? અને પહેલા નંબરે કોણ? એ જાણવાની કોશિશ જરુર કરજો.
- બાલ્ટીમોર શહેરની આખી કમ્પ્યૂટર સિસ્ટમને હૅક કરી શું કરવામાં આવ્યું તે વિશે માહિતી મેળવશો.
- આપણા દેશમાં કોઈપણ પક્ષને મત ન આપવા માટે નોટાની સુવિધા છે. અન્ય દેશોમાં નોટાના શું પરિણામ છે તે જાણો છો?

## વાર્તા પૂર્તિ

એકવાર બિલગૅટસને અચાનક ભારતમાંથી ૨૬ રાજયોમાંથી એક બાળક પસંદ કરી ડિઝનીલૅન્ડ મફત ફરવા લઈ જવાનું મન થયું. ગુજરાતમાંથી કઈ શાળા પસંદ કરવી તે બાબતે ભારતના વિદેશ મંત્રાલયનો સંપર્ક કરવાનો છે તેવી શાળાને જાણ થઈ. ગુજરાતની તમામ શાળાઓ આ Projectમાં જોડાવવા કટિબદ્ધ છે. પરંતુ આ કાર્યમાં જોડાવા માટે જુદાં જુદાં ધારા ધોરણો છે. તે શું હશે? બધી શાળાઓ આમાં કઈ રીતે ભાગ લઈ શકશે? પસંદગી શાના આધારે થશે? આ બાબતને અનુસંધાન આપી વાર્તાનો અંત સૂચવો. આપની અનુસંધાનની વાર્તાઓ Floor Manager ના Desk પાસેના Box માં મૂકવી.

## શબ્દ ગુંફન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | | | | | ૨ | ♣ | ♣ |
| ♣ | | ♣ | ♣ | ♣ | ♣ | | ♣ | ♣ |
| ♣ | | ♣ | ૨ | | | | | ♣ |
| ♣ | ♣ | ♣ | ♣ | ♣ | ♣ | | ♣ | ♣ |
| ૩ | ૩ | | ૪ | | ૫ | ♣ | ♣ | ♣ |
| ♣ | | ♣ | | ♣ | | ♣ | ♣ | ♣ |
| ♣ | | ♣ | ૪ | | | | | |
| ♣ | | ♣ | | ♣ | ♣ | ♣ | ♣ | ♣ |
| ♣ | | ♣ | ૫ | | | ♣ | ♣ | ♣ |
| ♣ | | ♣ | ♣ | ♣ | ♣ | ♣ | ♣ | ♣ |

### આડી ચાવી

(૧) ભૂલકાં વિહાર યોગા કવીન

(૨) પહેલો વિદેશી ખલાસી જે ભારત પહોંચ્યો.

(૩) ભૂલકાં વિહારનો આ સિતારો Navyમાં ચમકશે.

(૪) દક્ષિણ ભારતની આ વાનગી આપણા નાસ્તામાં સમાણી

(૫) ગુજરાતનું કૃષ્ણધામ

### ઊભી ચાવી

(૧) સીતાને રાવણની ચુંગાલમાંથી છોડાવવા મથ્યું આ પાત્ર

(૨) મારા જીવનના__________પ્રસંગ

(૩) રશિયન અવકાશ યાત્રી

(૪) દેસાઈ જ્ઞાતિની જાણીતી વાનગી

(૫) ખૂબ ખાટ્ટી લાગે